GJBK170002842025

**મે.મજુર અદાલત પાલનપુરના જ્યુ.મેજી.ફ.ક. તથા ન્યાયાધીશ (જે.ડી.) શ્રી ગર્વિત સુધીરસિંહ પવાર સાહેબ સમક્ષ, મુ.પાલનપુર.(બ.કાં.).**

**ફોજદારી કેસ નં. ૮૨/૨૦૨૫.**

**ફરીયાદી :** નામદાર સરકારશ્રી તરફે,
કુ. એમ. એમ. કથીરીયા, મદદનીશ સરકારી શ્રમ અધિકારી અને
લઘુતમ વેતન અધિનિયમ ૧૯૪૮અન્વયે નિરીક્ષકશ્રી,
પાલનપુર, તા.પાલનપુર,જી.બનાસકાંઠા.

**–:: વિરૂધ્ધ ::–**

**તહોમતદાર :** (૧) રમેશભાઈ મંજીભાઈ પટેલ (પ્રમુખ)
રહે. મુ.પો. કુંભલમેર, તા. પાલનપુર, જી. બનાસકાંઠા.

(૨) શ્રીમતિ એસ. વી. સાળવી અને શ્રીમતિ એમ. એમ. સાળવી શાળા
કામનું સ્થળ: હનુમાન ટેકરી, પાલનપુર, જી. બનાસકાંઠા.

**ગુન્હો :** લઘુતમ વેતન અધિનિયમ ૧૯૪૮ ના અધિનિયમ ની કલમ–૨૨(સી) સાથે વાંચતા કલમ–૨૨(એ) માં શ્રમ કાયદા (ગુજરાત સુધારા) એક્ટ–૨૦૧૫ ની કલમ ૧૩ થી સુધારા અનુસાર ૧૯૬૧ ના નિયમ–૨૬(૨), ૨૧(૪), ૨૫(૨), ૧૨(૧) ના ભંગ બાબતેની ફરીયાદ...

**–:: ચુ કા દો ::–**

(૧) હાલની ફરીયાદ સરકારી શ્રમ અધિકારી, પાલનપુરનાઓ દવારા દાખલ થતાં ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૧૦(૧)(એ) મુજબ ફરીયાદીએ રજુ કરતાં ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૨૩(૧)(એ) વંચાણે લઈને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૨૭ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુનાનું

સંજ્ઞાન લઈને આરોપી વિરૂધ્ધ સમન્સ ઈશ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ. સદરહુ ફરિયાદની હકીકત જોવામાં આવે તો આરોપીએ લઘુતમ વેતન અધિનિયમ ૧૯૪૮ ના અધિનિયમ ની કલમ–૨૨(સી) સાથે વાંચતા કલમ–૨૨(એ)માં શ્રમ કાયદા (ગુજરાત સુધારા) એકટ–૨૦૧૫ ની કલમ ૧૩ થી સુધારા અનુસાર ૧૯૬૧ ના નિયમ–૨૬(૨), ૨૧(૪), ૨૫(૨), ૧૨(૧) ના ભંગ કરી શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોઈ હાલની ફરિયાદ દાખલ કરેલ છે.

(૨) સદર કામના આરોપી વિરૂધ્ધ સમન્સ ઈશ્યુ કરવામાં આવેલ જે સંદર્ભે આરોપી અત્રેની કોર્ટ સમક્ષ હાજર થયેલ. જેથી તેઓને ફરિયાદ તથા તેની સાથેના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડયાની ખાતરી કરેલ છે. ત્યારબાદ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૪ મુજબ ગુનાની વિગતો જણાવી ગુનો કબુલ છે કે કેમ? તેવું પુછવામાં આવેલ. જેથી આરોપી એ ગુનો કબુલ હોવાનું જણાવી અને અલગથી આંક–૧૨ થી ગુનાની કબુલાત અંગે પુરશીસ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૫ અન્વયે રજુ કરેલ છે. આરોપીએ ગુનાની કબુલાત પુરશીસ રજુ કરતાં તેઓને સમજાવવામાં આવેલ છે કે તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલા નથી અને તેઓ ગુનો કબુલ કરશે તો આવી કબુલાત તેઓ વિરૂધ્ધ પુરવા તરીકે ઉપયોગમાં લેવાશે. આમ છતાં આરોપીએ પોતાનો ગુનો કબુલ હોવાનું જણાવેલ છે જેથી તેઓની આંક–૧૧ તથા પ્લી નોંધવામાં આવેલ છે.

(૩) આરોપીને હાલની ફરીયાદ અન્વયેનો ગુનો કોઈપણ જાતનું દબાણ અને લાલચ વિના કબુલ કરતા હોવાનું જણાવીને કબુલાત પુરશીસ રજુ કરેલ છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, અમો આરોપીનો ગુનો કરવાનો કોઈ ઈરાદો ન હતો, અજાણતા અને અજ્ઞાનતાના કારણે ગુનો બનવા પામેલ છે. આ પ્રથમ ગુનો છે તેમજ બનાવ બન્યા બાદ પણ આવો કોઈ બનાવ અમો આરોપીની સંસ્થામાં બનવા પામેલ નથી. આ ગુના બદલ અમો અફસોસ વ્યકત કરી પસ્તાવો જાહેર કરીએ છીએ અને ભવિષ્યમાં આવો ગુનો ન બને તેનો પુરેપુરો ભરોસો અને ખાતરી આપીએ છીએ. અમો આરોપી પોતે કુટુંબ પરીવાર ધરાવતા વ્યકિત છીએ અને કુટુંબમાં માત્ર અમો કમાનાર વ્યકિત હોઈ અમારા કુટુંબની જવાબદારી અમારા શીરે છે. અમોને કેદની સજા કરવામાં આવે તો અમારા ઘણા રોજગાર

બંધ થઈ પડે જેથી અમારા પરિવારને તેમજ સંસ્થાના કામદારને તેનો ભોગ બનવું પડે તેવી પરિસ્થિતીનું નિર્માણ થાય તેમ છે માટે અમો આરોપીને માત્ર દંડની જ અને તે પણ કાયદાની જોગવાઈથી ઓછામાં ઓછા દંડની સજા કરવા અરજ કરેલ છે.

(૪) આરોપી સામેના ગુનાની હકિકત તથા સજાની જોગવાઈ જોવામાં આવે તો આરોપીએ લઘુતમ વેતન અધિનિયમ ૧૯૪૮ ના અધિનિયમ ની કલમ–૨૨(સી) સાથે વાંચતા કલમ–૨૨(એ)માં શ્રમ કાયદા (ગુજરાત સુધારા) એક્ટ–૨૦૧૫ ની કલમ ૧૩ થી સુધારા અનુસાર ૧૯૬૧ ના નિયમ–૨૬(૨), ૨૧(૪), ૨૫(૨), ૧૨(૧) ના ભંગ કરી શિક્ષા પાત્ર ગુનો કરેલ છે. તે સંજોગોમાં આરોપી સ્વૈચ્છાએ ગુનો કબુલ કરતા હોઈ તેઓને દોષિત ઠરાવવામાં આવે છે, પરંતું આરોપીએ જે જોગવાઈનો ભંગ કરેલ છે તે ધ્યાને લેતાં તથા આરોપીની ઉંમર, કેસની હકીકત, સજાની જોગવાઈ, ગુનાનો પ્રકાર વિગેરે તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર, ૨૦૦૫(૧) જી.એલ.આર.પાન નં.૭૭૯ આપવામાં આવેલ ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતાં તેઓને વ્યાજબી તથા ઓછો દંડ કરી સજા કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ગુનો ન થાય તે માટે એક તક આપવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયી જણાય છે. જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:હુકમ:–

(૧) આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૫ અન્વયે લઘુતમ વેતન અધિનિયમ ૧૯૪૮ ના અધિનિયમ ની કલમ–૨૨(સી) સાથે વાંચતા કલમ–૨૨(એ)માં શ્રમ કાયદા (ગુજરાત સુધારા) એક્ટ–૨૦૧૫ ની કલમ ૧૩ થી સુધારા અનુસાર ૧૯૬૧ ના નિયમ–૨૬(૨), ૨૧(૪), ૨૫(૨), ૧૨(૧) ના ભંગ બદલ ગુના સંદર્ભે દોષિત ઠરાવવામાં આવે છે અને તેઓને ભંગ બદલ રૂા. ૮,૦૦૦/– (અંકે રૂપિયા આઠ હજાર પુરા) ના દંડની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો તેઓએ એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(૩) આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ તા.૧૪મી, માહે માર્ચ, સને–૨૦૨૬ ના રોજ અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કરવામાં આવે છે.

**તા. ૧૪/૦૩/૨૦૨૬.**
**સ્થળ : પાલનપુર.**

**(ગર્વિત સુધીરસિંહ પવાર)**
**જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**ન્યાયાધીશ (જે.ડી.), લેબર કોર્ટ, પાલનપુર.**
**(કોડ નં.જીજે ૦૧૬૩૭)**